# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૬ • તા.૧૨ થી ૧૮ માર્ચ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## ૧૦૦મી આયંબિલ ઓળીની તપસ્યા કરતા વર્ધમાન તપોનિધિ તપોમુનિ

# પ.પૂ.મુનિરાજશ્રી હીંકારસાગરજી મ.સા.

## ૬૦મા આયંબિલ ઓળીના દિને શાતાપૂર્વક કાળધર્મ પામ્યા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# આત્મશક્તિ વધારવા શ્રધ્ધા અને વિશ્વાસ જરૂરી

દુ:ખ અને કષ્ટના કપરા કાળમાં હૈયામાં ધીરજ અને ક્ષમતા પણું હશે તો આ કપરી પળો સહવાલાયક બની જાય છે. આ કાળ, સમય કપરો છે. માણસ ડરી, ડરીને જીવે છે. અનેક ભય, ચિંતાઓથી ગ્રસ્ત રહી પોતાનું જીવન વ્યતિત કરે છે. માણસ ડરમાં જીવે છે. અનેક પ્રકારના ભય તેને સતાવી રહ્યાં છે. આજીવિકાનો ડર, સલામતીનો ડર, ભવિષ્યમાં કપરો કાળ આવશે એનો ડર અને સૌથી મોટો ડર મૃત્યુનો.

હૃદયમાં આત્મશક્તિ, શ્રધ્ધાબળ ન હોય અને વિશેષ તો પોતાના પર વિશ્વાસ ન હોય તો નીચેથી જમીન હટી જાય એવું થાય છે, અનુભવાય છે. દુ:ખમાં મુસીબતમાં માણસ ઈશ્વરનું સ્મરણ કરે છે. સતત પ્રભુમય રહે છે પણ સુખ આવે, તેનો સારો સમય આવે કે પાછળનું બધું ભૂલી જાય છે અને પોતાની મસ્તીમાં મય બની જાય છે. સુખ આવ્યું તે પોતાના કર્મથી, પોતાના આત્મબળથી આવ્યું એવું સમજી દુ:ખએ બીજાઓને લીધે આવ્યું પોતે વગર વાંતે એનો ભોગ બન્યો છે એવું દર્શાવે એવી માન્યતા ધરાવે છે. પોતાની ભૂલ દેખાતી નથી. પરંતુ બીજાના રાઈ જેવડા દોષો પર્વત જેવા દેખાય છે.

ત્રાજવાનું પલડું હળવું હોય છે ત્યારે ઉપર જાય છે અને ભાર થવા લાગે ત્યારે નીચે જાય છે. જેનામાં કાંઈ હતું નથી તેઓ અધ્ધર ચાલતા હોય છે. પણ જેની પાસે ખરેખર કાંઈ હોય તે નમ્ર બનીને ઝૂકી જાય છે. વૃક્ષો ફળોથી લદાઈ જાય છે ત્યારે નીચે નમે છે. જે નીચે નમતા નથી તેઓ પોતાના ભારથી, અભિમાનથી તૂટી જાય છે. જિંદગીમાં કશું તોળવાનું અને માપવાનું હોતું નથી. સરખામણી કરવાથી માત્ર દુ:ખ સિવાય કશું પ્રાપ્ત થતું નથી. દુ:ખમાં આત્મશક્તિ હોય તો દુ:ખએ આઘાત આપતો નથી, પણ એક કપરી ઘટના બની વિતી જાયછે. માટે આત્મશક્તિ સૌએ કેળવી જરૂરી છે. ધીરતા અને ક્ષમતા ધારણ કરવાથી શાંતિ અને સહન શીલતા ભર્યા ભાવ કેળવવાથી કોઈપણ ઘડીનો ભય, ડર કે અસલામતી ભયભીત કરતી નથી. કુદરતના સર્જન એના સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ કોઈ એકબીજા સાથે સરખામણી કરતા નથી એટલે એ સુખી છે. માત્ર માનવી જ સરખામણી કરવાની આદતને કારણે દુ:ખી દુ:ખી છે.

પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને ભક્તિ શરતી હોવાને લીધે મંદિરોમાં ભીડ વધતી રહે છે. પરમાત્મા સમક્ષ બે હાથ જોડીને ઊભેલો માનવી આજ સુધી મળ્યું છે. એનો આભાર માનવા નથી જતો પણ હજુ વધુ મળે એ જ માંગવા જાય છે. જીવનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, તે જે કરશે એ સારા માટે કરશે એવો વિશ્વાસ હશે તો કશાથી ડર લાગવાનો નથી. આત્મશક્તિના બળે ડર દૂર થઈ જાય છે. પ્રભુ પ્રીત વગરનો ખોખલો ખોબિયો બહારથી બહાદૂર હિંમતવાન હોવાનો ભલે દેખાવ કરે પણ અંદરથી ભયભીત હોય છે. ડરેલો વ્યક્તિ દુ:ખ દર્દની સામે જઈ શકતો નથી એ માટે સુખ આવે એની રાહ જુએ છે. આત્મશક્તિ ધરાવતો વ્યક્તિ સૌ સંકટ કષ્ટ સામે પડકાર કરવા અગ્ર હોય છે.

– જય જ્ઞાતિમૈયા

# જીવન જીવવાનો-માણવાનો આનંદ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જન્મ અને મૃત્યુ એ જીવનની ઘટમાળનો હિસ્સો છે. જેનો જન્મ છે તેનો અંત નિશ્ચિત છે. આમ એક રીતે જોઈએ તો જીવન એ અનિશ્ચિતાનો ખેલ છે. કારણ કે ક્યારે આવવાનું છે તેની કોઈ ખબર નથી, ક્યારે જવાનું છે તેની પણ કોઈ ખબર નથી. મૃત્યુનો ડર માણસમાં અધિકપણે હોય છે. કોઈને જાણ થાય કે અમુક વખતમાં અહીંથી વિદાય લેવાની છે તો માનવી એવો હાંફળો ફાંફળો થઈ જાય કે તેને જીવવાની સુધ ન રહે. દિવસ રાત તેને જવાની ચિંતા રહે. અહીંના સુખ, સગવડ, સ્વજન, સંબંધી, સંપત્તિથી અળગા થઈ જવાનો ભય સતત રહે. જે દરેક સુખ, ચેન છીનવી લે. ખાવાનું પીવાનું ગળે ન ઉતરે. સરખી ઊંઘ ન આવે અને શાંતિ, ચેન હરાઈ જાય. જીવનનો આનંદ છીનવાઈ જાય. આવો રહે બધું, બધાને છોડી જવાનો ભય.

જવાનો સમય સતત માણસના દિલો દિમાગમાં વાગતો જાગતો રહે છે. મૃત્યુનો ભય સતત નજર સમક્ષ રહ્યાં કરે. આમ ચિંતાને લીધે સમય પહેલાંથી ચિતા સળગી જાય છે એવી પરિસ્થિતિ સર્જાય છે. રાગ, દ્વેષ, માન, અભિમાન કે જીવન દરમ્યાન આજ સુધી જે કંઈ ખોટું કર્યું હોય એનો અફસોસ રહે. આ જ્ઞાન મોતના ભયને લીધે આવી જાય છે. આપણી સમજ એવી હોય છે કે જાણે અમરત્વ મળી ગયુ છે. ક્યારે મૃત્યુ આવવાનું નથી એવી રીતે જીવન જીવીએ છીએ. કશું ય છૂટતું નથી. જેટલુ મળે એટલુ ભેગું કરવુ એ સ્વભાવ એ લાલચ સદાય રહે છે. માણસ બધું ભેગું કરતો રહે છે. પણ જેટલુ મેળવે છે તેટલું વાપરીને જઈ શકતો નથી. ધન, સત્તા, સંપત્તિ એ બધું શાંતિ, આરોગ્ય, આનંદ અને પ્રેમના ભોગે મેળવવ્યું પણ આખરે કંઈ કામ ન આવ્યું.

મૃત્યુને નજર રાખવું એનો અર્થ એ નથી કે સતત ચિંતામાં જીવવું. મૃત્યુનો ભય રાખીને જીવવું. લક્ષ્ય એટલુ જ રાખવું કે મૃત્યુ આપણને આગોશમાં લે તે પહેલાં સારા કામો, કોઈનું ભલુ કરીએ. નાના પ્રત્યે દયા, પ્રેમ, આદર આપીએ. ગમે તેટલો ધનવાન, શક્તિવાન, સત્તાધારી હોય પણ યમનું તેડું આવશે ત્યારે સૌ કોઈ લાચાર બની જશે. કોઈ સંબંધ, લાગવગ કામ નહીં આવે. ૬૦ કે ૭૦ વર્ષ થયા હોવા છતાં નફિકર પણે જીવન જીવવાનું છોડતા નથી. મૃત્યુના કિનારે પહોંચયા છતાં જે મળ્યું છે તેનો આનંદ નથી થતો પણ જે નથી મળ્યું તેનો રંજ થયા કરે છે. આમ જીવતે જીવ સ્વ લાભ, લોભની હાય હાય અને અંતકાળે પણ મોહ, તૃષ્ણા, નથી મળ્યું, ઓછું મળ્યું એનો વસવસો રહ્યાં કરે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ૧૦૦મી આયંબિલ ઓળીની તપસ્યા કરતા વર્ધમાન તપોનિધિ તપોમુનિ પ.પૂ.મુનિરાજશ્રી હ્રીંકારસાગરજી મ.સા. ૬૦મા આયંબિલ ઓળીના દિને શાતાપૂર્વક કાળધર્મ પામ્યા

ચીચબંદર સ્થિત ક.વી.ઓ. જૈન મહાજનવાડીના ઉપાશ્રયમાં ૧૦૦મી આયંબિલ ઓળીની તપસ્યા કરતાં તા.૧૦ માર્ચ ગુરૂવારના સાંજે ૪.૫૦ કલાકે તપોમુનિ પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા. ૮૯ વર્ષની દીર્ઘ આયુએ ૬૦મા આયંબિલ ઓળીના દિવસે શાંતાપૂર્વક કાળધર્મ પામ્યા.



નલિયાના માતુશ્રી પાનબાઈ ભવાનજી ખોનાના સંસારી પુત્ર તરીકે અવતરણ પામેલા સંસારી નામ હંસરાજ ધરાવતા પૂજ્યશ્રીનો સંયમ પર્યાય ૨૬ વર્ષનો રહ્યો. ૭૨ જિનાલય તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે ૬૩ ઉંમર વયે દીક્ષા ગ્રહણ કરી હતી. ગુરૂ નામ પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા.

પૂજ્યશ્રી મ.સા.ના પાર્થિદેહ રાત્રે ૯.૩૦ થી ૧૧ માર્ચ શુક્રવારના સવારે ૭ કલાક સુધી ભાવિકો માટે દર્શનાર્થે રખાયો હતો. સૌએ સજળ નયને વર્ધમાન તપોનિધિ મહારાજ સાહેબના અંતિમ દર્શન કર્યા હતા. તેમની પાલખી યાત્રા જય જયનંદા જય જય ભદ્રાના નાદ સાથે રે રોડ, વિસ્તારના દારૂખાના સ્મશાનધામ માટે નીકળી હતી. જ્યાં અંતિમ સંસ્કાર કરાયા હતા.

શનિવાર, તા.૧૨ માર્ચના બપોરે ૨ કલાકે શ્રી કવીઓ દેરાવાસી જૈન મહાજનવાડી ચીંચબંદર મધ્યે પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ તથા અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તી શ્રમણ શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં હેમચંદ મુરજી ગડા નાના રતાડિયાના પ્રમુખ સ્થાને ગુણાનુવાદ સભા અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ શ્વેતાંબર જૈન સંઘ, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા, શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન મુંબઈ, શ્રી ગૌતમ ગુણ વિહાર જૈન તીર્થ પાલી, શ્રી અખિલ રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ, શ્રી ગુર્જર જૈન સમાજ તથા ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘો, મહાજનો ટ્રસ્ટોના ઉપક્રમે રખાઈ હતી.


**જ્ઞાતિમૈયામાં ડિજીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રદ્ધાંજલિ... આદરાંજલિ... ભાવાંજલિ...

સંબંધોમાં સ્વાર્થ ને બદલે સમર્પણનો મહિમા ગાનાર
સાધનો કરતાં સત્વ બળને શ્રેષ્ઠ સમજનાર
સાધના પંથે અવિરત તપશ્ચર્યાને અનુસરનાર
સંજોગોની સામે હાર ન સ્વીકારતા અણનમ ઊભા રહેનાર મહામાનવ



વર્ધમાન તપોનિધિ પ.પૂ. મુનિશ્રી

## હ્રીંકારસાગરજી મહારાજ સાહેબને

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

કાળધર્મ : વિક્રમ સંવત ૨૦૭૮, ફાગણ સુદ ૮, ગુરુવાર તા.૧૦-૩-૨૦૨૨

શ્રદ્ધાસુમન

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

## ટ્રસ્ટી ગણ તથા સર્વે નલિયાવાસી સંઘ

# જીવનને અમૃત અને મૃત્યુને મહોત્સવ બનાવી જનારા મુલુંડના મહાત્મા

## વર્ધમાન તપોનિધિ પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા.



પૂ.મુનિશ્રી હ્રીંકારસાગરજી મ.સા.નો જન્મ સવંત ૧૯૮૯ને ફાગણ સુદ તેરસ (ફાગણી તેરસ) તા.૯ માર્ચ ૧૯૩૩ના રોજ કચ્છની મહાપંચતીર્થી માં જાણીતા એવા નલિયા ગામે માતુશ્રી પાનબાઈની કુખે શ્રી ભવાનજી નાગશી રાજપાલ ભીંયશી ખોનાને ત્યાં થયો. નામ મળ્યું હીરાચંદ. નામ જેવા જ ગુણ ધરાવતા હીરાની જેમ ચમકી સંસાર અને ભવ બંન્ને ઉજળા કરી જનારા પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજીએ આયુષ્યના ૬૩મા વર્ષે સંયમ ગ્રહણ કર્યું ત્યાં સુધી સંસારમાં કલિયુગના શ્રવણ તરીકે જીવ્યા પથારીગ્રસ્ત માતાની અનન્ય ભાવે ઉત્કૃષ્ટ સેવા ભક્તિ કરી. માતાના મૃત્યુ બાદ સંયમ અંગીકાર કરવા તત્પર થયા. અચલગચ્છના વર્તમાન આચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજીના શિષ્ય વર્તમાન ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય બન્યા કચ્છ અને અચલગચ્છના હૃદય સમા ૭૨ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના વરદહસ્તે સંવત ૨૦૫૨ વૈશાખ સુદ ૫ તા.૨૨-૪-૧૯૯૬ને સોમવારના દિને દીક્ષાગ્રહણ કરી મુનિ શ્રી હ્રીંકારસાગરજી તરીકે નવજન્મ થયો. ૬૩ વર્ષની વયે સંસાર ત્યાગી વીરની પછેડી અંગીકાર કરી ૨૬ વર્ષ સુવિશુધ્ધ સંયમનું તપોમય પાલન કરનાર ૮૯ વર્ષની જૈફ વયે વર્ધમાન તપની ૧૦૦મી ઓળી પ્રારંભનાર 'સ્વમાં વસ પરથી ખસ એટલું બસ' એ સુધારસ સમી ઉક્તિને સ્વ આચરણે સાર્થક કરનાર શરીરથી અશક્ત પણ મનથી સશક્ત.

સ્વાદ અને વિવાદમાં સામ્ય શું?

સ્વાદ છોડો તો શરીર સ્વસ્થ

વિવાદ છોડો તો સંબંધ સ્વસ્થ આ વાત પ્રત્યક્ષ જીવીને આપણને સૌને શીખવી જનારા ૧૦૦મી ઓળીના ૬૦મા આયંબિલે તા.૧૦-૩-૨૦૨૨ના રોજ કાળધર્મ પામનારા મુલુંડના મહાત્મા, કચ્છ નલિયાના રત્ન, ક.દ.ઓ.જ્ઞાતિના ગૌરવ, વર્ધમાન તપોનિધિ પ.પૂ.મુનિરાજશ્રી હ્રીંકારસાગરજી મ.સા.ના ચરણોમાં શતકોટિ કોટિ વંદન સાથે એમનો આત્મા મોક્ષગતિ પામી પરમપદને પામે એ આપણે સૌ પ્રાર્થીએ.

હે ગુરૂદેવ આપની ગુણ સ્મૃતિનો ગુલાલ રહેશે.

આપની પુણ્ય તપસ્મૃતિનો માહોલ સદાય સ્મરણમાં રહેશે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# હૃદયાંજલી...ભાવાંજલિ...

## ક્યાં જઈ વસવાટ કર્યો ગુરૂદેવ
## ક્યાં જઈ દર્શન પામીએ... ક્યાં ગોતીએ સરનામું?



મહાન તપોરત્ન વર્ધમાનતપોનિધિ

# પ.પૂ.મુનિશ્રી હ્રીંકારસાગરજી મ.સા.ને

## નતમસ્તકે હૃદયાંજલી...

કાળધર્મ : વિક્રમ સંવત ૨૦૭૮, ફાગણ સુદ ૮, ગુરુવાર તા.૧૦-૩-૨૦૨૨

ઉત્કૃષ્ટ આત્મા થયો પંચ મહાતત્વમાં વિલીન...

# માતુશ્રી તારાબેન લહેરચંદ નાગડા પરિવાર

# બેંગલુરુના કચ્છી ભવનમાં ઓનલાઈન બુકીંગનો પ્રારંભ કરાયો



બેંગલુરુના દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમના માતુશ્રી જવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છી ભવન જેમ નગરમાં શનિવાર તા.૫ માર્ચના રોજ કીર્તિભાઈ ધનજી ધરમશીના હસ્તે forest key દ્વારા ઓનલાઈન બુકીંગનો રિબીન કાપીને પ્રારંભ કરાયો.

# કેડીઓ મહિલા મંડળ અને યુવા મંચ વડોદરા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ





કેડીઓ મહિલા મંડળ અને યુવા મંચ વડોદરા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી એરોબિક્સ અને ઝુમ્બા ડાન્સ સાથે ફિટનેસ એવરનેસના ઉદ્દેશથી કરાઈ. ૫ થી ૬૫ વર્ષ સુધીની મહિલાઓએ ઉત્સાહભેર જોડાઈ આ ઈવેન્ટનો આનંદ માણ્યો હતો. મહિલા દિનની થીમ ઉપર હાઉસી રમાડાઈ હતી અને અન્ય ગ્રુપ ગેમ થઈ હતી. જેમાં વિજેતા થનારને પ્રતિક ભેટ આપી અભિનંદન અપાયા હતા. કેટલીક બહેનોએ હોમમેડ નાસ્તાની આઈટમ્સના સ્ટોલ લગાવ્યા હતા. સૌએ આનંદપૂર્વક ખાણીપીણીની લિજ્જત માણી પ્રસન્ન થયાં હતા.

કેડીઓ મહિલા મંડળ ટીમ અને યુવા મંચ ટીમએ જહેમતપૂર્વક આયોજન વ્યવસ્થા કરી અવિસ્મરણીય અને આનંદ સભર રીતે કેડીઓ મહિલાઓ માટે આ ઉજવણીને સાર્થક કરી હતી.





# સંજીવની સુર્વણ પેટ્રોન દાતાની ભૂરી ભૂરી અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની**

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## શ્રી નીતિનભાઈ રતિલાલ લોડાયા

(સુથરી, કોઈમ્બતુર)

**સંજીવની સુવર્ણ પેટ્રન Rs. 50,000**

પરોપરકારનો બીજો અર્થ છે અન્યોની ભલાઈ કરવી. પરજનની પીડાને સમજી તેને રાહત આપવી, શાતા આપવી એ સજ્જન મનુષ્યનો ધર્મ છે. નાત, જાત, પારકાને પરાયાના ભેદ ન જોઈએ માત્રને માત્ર બીજાઓનું ભલુ કરવાની ભાવના ધરાવવી એ ઉત્તમ માનવ ધર્મ છે. આવી કલ્પના જેમણે કરી અને એને સાર્થક કરી જાણી એવા ઉદાર દિલેર દાતા નીતિનભાઈ રતિલાલ લોડાયા સુથરી કોઈમ્બતુરએ રૂા.૫૦ હજારનું માતબર અનુદાન આપી સમસ્ત મહાજનના મેડિકલ સમિતિની કેડીઓ સંજીવની યોજનામાં સુર્વણ પેટ્રોન તરીકે જોડાયા છે.

દાતાશ્રીની ઉદારતાની કદર કરી મેડિકલ સમિતિ આભાર વંદના સાથે ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

# બોલીવુડ મહેંદી ક્વીન તરીકે ખ્યાતનામ વીણા નાગડા નારી શક્તિ સન્માન દ્વારા રાજ્યપાલ ભગતસિંહ કોશીયારીના હસ્તે સન્માનિત

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે તા.૯ માર્ચ બુધવારના રાજભવન ખાતે યોજાયેલ સમારોહમાં મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ ભગતસિંહ કોશીયારીના હસ્તે જાણીતા મહેંદી આર્ટિસ્ટ વીણા નાગડાને નારી શક્તિ એવોર્ડ આપી સન્માનિત કરાયા.

કચ્છ મોટી સિંધોડીના માતૃશ્રી જેતબાઈ ખીમજી મોમાયાના પુત્રી સામાન્ય ભણતર જ્ઞાન મેળવ્યાં છતાં સ્વબળે ખંત આત્મવિશ્વાસ અને કઠોર પરિશ્રમને બળે સામાન્ય જણાતા મહેંદીને જણાતી કરી છે. આટલું જ નહીં નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલ સુધી તેને પ્રસિદ્ધ કરી છે અને સાડા ચાર દાયકાની મહેંદી આર્ટની કારકિર્દી માં ઉચ્ચતમ સ્થાન મેળવ્યું છે.

બોલીવુડ, હોલીવુડ સિવાય નામવંત પોલિટિસીશીયન, જાણીતા ઉદ્યોગપતિઓના સંતાનોના શુભ પ્રસંગોમાં તેમની મહેંદી કલા નિખરી છે. તે સિવાય ૫૫ હજારથી વધુ છોકરીઓને મહેંદી લગાવવાની કળા શીખવીને પગભર કર્યા છે. આમ મહિલાઓનું સશક્તિકરણ, આત્મનિર્ભર બનાવવામાં વર્ષોથી યોગદાન આપ્યું છે. તેમની ઉપર ૨૦૦થી વધુ આર્ટીકલ્સ નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે પ્રસિદ્ધ થયા છે અને અનેક સંસ્થા, સંગઠનો દ્વારા તેઓને સન્માનિત કરાયા છે.











# સુથરી જિનાલયના મૂળનાયક દાદાની ભવ્ય આંગી કરાઈ

તા.૧૨ માર્ચ શનિવારના અબડાસા પ્રાંતના સુથરી નગરના જિનાલયના મૂળનાયક દાદાની આંગી કરાવવાનો લાભ કીર્તિભાઈ ધનજી કલ્યાણજી ધરમશી બેંગલુરૂ કચ્છ સુથરીવાળાના જન્મદિવસની ખુશાલી પ્રસંગે પરિવારે લીધો હતો. જેની ખૂબ ખૂબ અનુમોદના સહ આભાર.



# તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.નો પાલીતાણા તીર્થ મધ્યે માસકલ્પ રહેવાનો ભાવ

અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વજી મ.સા. પાલિતાણા તીર્થ મુકામે શત્રુંજય રેસીડેન્સી, એ વિંગ, ૧લે માળે, ફ્લેટ નં.૧૦૨ કચ્છી ભવન લેન, નાકોડા ભવન સામે, તળેટી રોડ મધ્યે બિરાજમાન છે અને માસકલ્પ (૧ મહિનો) રહેવાનો ભાવ છે.

# રોટેરિયન પ્રો.ડો.મહિમા દંડને જયપુરમાં નેશનલ વુમન્સ ઓફ સબસ્ટેન્સ એવોર્ડ પ્રદાન કરાયો

મૂળ કચ્છ તેરા હાલે હુબલીના રોટેરિયન પ્રોફેસર ડૉ. મહિમા મોહિત દંડને મહિલાઓ માટેની સેવા પ્રવૃત્તિઓની કદર કરતાં તા.૬ માર્ચ રવિવાર રોજે જયપુર ખાતે I can foundation અને She Inspire Magazine દ્વારા અભિનેત્રી વૈશ્નવી મેકડોનલ્ડના હસ્તે નેશનલ વુમન ઓફ સબ સ્ટેન્સ એવોર્ડ અપાયો.






# ચાલીસગામ દેરાસરના દેવદ્રવ્યની ત્રણ પેટી તોડી અસામાજિક તત્વોએ ચોરી કરી

સ્ટેશન રોડ સ્થિત ચાલીસગામ નગરના શ્રી કદઓ જૈન મહાજન સંચાલિત જિનાલયની લાકડાની ત્રણ પેટીમાંના દેવદ્રવ્યની અંદાજિત રકમ રૂ.સાત હજારની તાળા તોડી અસામાજિક તત્વોએ તા.૬ માર્ચ રવિવારના રાતે ૧ થી પરોઢના ૪ વાગ્યા દરમ્યાન ચોરી કરી હોવાની ઘટના ઘટી હતી.

આ બાબતની જાણ પૂજારી દિલીપ સજન આમલે જ્યારે પૂજા પાઠ કરવા સવારે ૫.30 વાગે જિનાલયમાં ગયા ત્યારે જાણ થઈ. જેની જાણ તેઓ ટ્રસ્ટ પદાધિકારીઓને કરતાં આ બાબતની ફરિયાદ ચાલીસગામ પોલીસ થાણામાં ટ્રસ્ટ અધ્યક્ષ ધનપતિ શિવજી રતાણીએ ફરિયાદ લખાવી FIR નોંધાવી. આ કિસ્સાની તપાસ પોલીસ કરી રહી છે.

# મધ્યપ્રદેશના સેંધવા નગરે જિનાલયનો ૩૩મો ધ્વજારોહણ મહોત્સવ ભવ્યભાવથી ઉજવાયો





તા.૧૧ માર્ચ શુક્રવારના રોજે મધ્યપ્રદેશના સેંધવા નગરના શ્રી આદિનાથ જિનાલયનો ૩૩મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે શ્રી અઢાર અભિષેક, શ્રી સતરભેદી મહાપૂજા સહ ધ્વજારોહણ વિધિકાર શ્રી નિખિલ હરિયા બાડાવાળાના સંગાથે ભક્તિના ભવ્ય ભાવ સાથે સંપન્ન થયાં. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધર્મશ્રધ્ધા અને આસ્થાપૂર્વક ભવ્ય લાભ પામ્યા હતા.





## ભુજોડીના વર્ધમાન નગર જિનાલયનો ૧૨મો ધ્વજા મહોત્સવ ભવ્ય ઉત્સાહથી સંપન્ન

બુધવાર તા.૯ માર્ચના રોજે ભુજ પરિવારના ભુજોડીના વર્ધમાન નગરના જિનાલયનો ૧૨મો ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ભવ્ય ઉત્સાહથી વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન થઈ.






# પ.પૂ.આચાર્યશ્રી વિમલસાગરસૂરીજી મ.સા.ની તિરૂપુરનગરમાં પધરામણી

તા.૯ માર્ચ બુધવાર દિને પ.પૂ.આચાર્ય શ્રી વિમલસાગરસૂરીજી મ.સા.ની દક્ષિણ ભારતના તિરૂપુર નગરે મૈસુર ઊટીથી વિહાર કરતાં પધરામણી કરી પૂજ્ય સાહેબનું સવારે ૭ કલાકે સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ભવ્ય ઉત્સાહ સાથે સામૈયું કર્યું.

સંઘના ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડા સાથે વિહાર સેવા ગ્રુપના મેમ્બરોએ મેટુપલાયમથી તિરૂપુર દરમ્યાન વિહારની વ્યવસ્થા સંભાળી હતી.





# બડગરા સંઘના શ્રી વિમલનાથ જિનાલયે ૨૪મો ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન








કુરાલા પ્રાંતના બડગરા નગરના મૂળ નાયક શ્રી વિમલનાથ ભગવાનના જિનાલયોનો ૨૪મો ધ્વજા રોહણ મહોત્સવના પ્રથમ દિવસે અઢાર અભિષેક, બીજા દિવસે સતરભેદી પૂજા સહ ધર્મ આરાધનાઓ ધામધૂમથી વિધિકાર ભરત બુરીચાના સથવારે સંપન્ન થઈ.







॥ જય જય શ્રી અંબાઈ મા ॥

# ક.દ.ઓ.મોતા પરિવારની સમૂહ પહેડી તથા વાર્ષિક સામાન્ય સભા





## ક.દ.ઓ.મોતા પરિવારના ભાવિકજનો જોગ,

આપણા કુળદેવી મા અંબાઈમા ની સમુહ પહેડી **શનિવાર તા.૨-૪-૨૦૨૨**, ગુડીપડવાના દિવસે **જૈનમ હોલ, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે)** ખાતે **સવારના ૯.૩૦થી** યોજાશે. આ વર્ષના સમુહ પહેડીના લાભાર્થી પરિવાર છે, **માતુશ્રી રતનબાઈ ત્રીકમજી મોતા પરિવાર સુથરી-મુલુંડ.**

આગામી પાંચ વર્ષ માટે ટ્રસ્ટીઓની નિમણુંક કરવા વાર્ષિક સામાન્ય સભા સાથે જ કરવાની હોઈ સૌને સમયસર પધારવા વિનંતી છે.

પરિવારના જે બાળકો એકેડેમિક વર્ષ ૨૦૧૮/૧૯, ૨૦૧૯/૨૦, ૨૦૨૦/૨૧ના વર્ષ માટે એસ.એસ.સી. તથા એચ.એસ.સી. (પ્રથમ બે) એવમ્ ડિપ્લોમા/ડીગ્રી કે તેથી ઉપરની પરીક્ષામાં ઉતીર્ણ થયા હોય તે બધા એવમ્ ખાસ નોંધપાત્ર સિધ્ધી મળેલી હોય તેઓનું સન્માન કરાશે.

સૌ બાળકોને પોતાની વિગત ફોટા સાથે **૨૦ માર્ચ ૨૦૨૨** સુધી tanmantour@gmail.com પર ઈ-મેલથી અથવા નીચે જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે.

કોરોના મહામારીને કારણે બે વર્ષના ગાળા બાદ યોજનારી આ પહેડીમાં સૌ ભાવિકોને જરૂરથી અને સમયસર પધારવા વિનંતી છે. ભાવિકોએ કોરોના બાબતના નિયમો પાળવાના રહેશે.

## શ્રી ક.દ.ઓ.મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા

C/o. **મે.તનમન ટુર એન્ડ ટ્રાવેલ્સ,**
**એ-૧૯/૨૦, મોનાની સદન, ભારત બેંક સામે,**
**જવાહરલાલ નેહરૂ રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**
**ફોન : ૦૨૨-૨૫૯૩૫૧૪/૧૫/૧૬**

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિર્વસલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

## શ્રી ભલારાદાદાની ૩૨મી સમુહ પહેડી

**ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા શનિવાર તા.૨-૪-૨૦૨૨ના સાંજના ૪ કલાકથી કાલીદાસ મેરેજ હૉલ, પી.કે.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦ ખાતે રાખેલ છે.**

## આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને ભાવપૂર્વક પધારવા આમંત્રણ

**૩૨મી સમુહ પહેડી ગર્વનમેન્ટની ગાઈડ અને નિયમો પ્રમાણે રાખવામાં આવેલ છે.**

**સર્વ ભાવિકોએ ફક્ત દર્શનનો લાભ મળશે.**

## આ વર્ષે ફક્ત દડિયા પ્રસાદ રહેશે.

**લાલપુર સ્થાનકે થઈ ગયેલ નવા અધ્યતન કોમ્પલેક્ષમાં નિર્માણ કાર્યમાં સહભાગી થનાર લાભાર્થી પરિવારના ટ્રસ્ટ દ્વારા વિવિધ યોજનાના લકી ડ્રો આ પહેડીમાં કાઢવામાં આવશે**

**આ વર્ષની પહેડીના લાભાર્થીઓ નીચે પ્રમાણે છે**

- માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીયા-વડાલા)
- માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેમ્બુર)
- શ્રીમતી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)
- માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર-હસ્તે જયશ્રી ભરત મોતા (કુવાપધર-હૈદ્રાબાદ)
- માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાડુંપ)
- માતુશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર (સાંધવ-મુલુંડ)
- માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના (શાહ) પરિવાર (સાંધવ-ઘાટકોપર)
- માતુશ્રી માકબાઈ લખમશી મેઘજી ધુલ્લા પરિવાર હસ્તે યોગેશ ધુલ્લા (કોઠારા-મુલુંડ)
- માતુશ્રી જયાબેન વીરચંદ સોની પરિવાર (સુથરી-જુહુ)
- શ્રીમતી ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી લખમશી દંડ પરિવાર (છાદુળા/નલીયા-ડોંબિવલી)
- શ્રીમતી ચારૂ ગિરીશ નાગડા પરિવાર હસ્તે કાજલ દર્શક અને પરીતા રોહન (નલીયા-મુલુંડ)
- શ્રીમતી યશવંતી ચંદ્રકાંત દામજી લોડાયા પરિવાર હસ્તે પ્રિતેશભાઈ (કોઠારા-મુલુંડ)

**આ પહેડીનો લાભ લેવા ઈચ્છતા દાતાશ્રી હજુ પણ ફાળો આપી, આ અમુલ્ય લાભ લઈ શકશે.**

**પહેડીમાં હજી ત્રણ ભાગ્યશાળી પરિવારના નામ આવકાર્ય છે.**

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૧૪,૧૫ અને ૧૬ એપ્રિલ ૨૦૨૨ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**સંપર્ક : કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# કુમઠા અને વાલગીરીના જિનાલયમાં અઢાર અભિષેક ભક્તિભાવથી સંપન્ન





શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સંચાલિત કર્ણાટક રાજ્યના કુમઠા અને વાલગીરી નગરે આવેલ શાંતિનાથ દાદા તથા પાર્શ્વનાથ દાદાના જિનાલયમાં અઢાર અભિષેક ભક્તિ ભાવપૂર્વક વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન થયા.




# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ગુણવંતી લોડાયા**
તા.૫ માર્ચ (ઉ.૮૭)
નલીયા-સુજાલપુર



**વિજયા કુરૂવા**
તા.૬ માર્ચ (ઉ.૮૨)
ગોધરા-મુલુંડ



**નલીની લાલકા**
તા.૧૦ માર્ચ (ઉ.૬૭)
લાલા-અમદાવાદ



**તેજસ લોડાયા**
તા.૧૧ માર્ચ
સાંયરા-મુલુંડ



**તિલકબેન લોડાયા**
તા.૧૨ માર્ચ (ઉ.૭૯)
જખૌ-અમદાવાદ



**હીરાચંદ છેડા**
તા.૧૨ માર્ચ (ઉ.૮૫)
સુજાપર-કલીકટ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● માંડવીને ગાંધીધામ વાયા મુંદરા મારફત રેલવે સેવા મળે તે માટે છેલ્લાં ૨૫ વર્ષથી માંગણી થઈ રહી છે. પરંતુ તે હજુ સુધી સંતોષાઈ નથી. આ વર્ષના બજેટમાં માંગણી સ્વીકારવા માટે માંડવી ચેમ્બરે રજૂઆત કરી છે. ચેમ્બર પ્રમુખ વાડીલાલ દોશીએ જણાયું હતું કે ૨૦૦૧ના ગોઝારા ભૂકંપ બાદ ભારતમાંથી કચ્છના બહુધા વિસ્તારમાં અનેક મોટા ઉદ્યોગો આવ્યા પરંતુ રેલ્વેના અભાવે અત્યાર સુધી માંડવી તાલુકામાં સમખાવા પૂરતો એક પણ ઉદ્યોગ આવ્યો નથી. જેથી યુવાનોને નોકરી વાંચ્છુઓને રોજગારી માટે બહારના જિલ્લાઓમાં ભટકવું પડે છે.

● કચ્છ માટે નર્મદાના વધારાના દસ લાખ એકર ફીટપાણીના ઉપયોગ માટે ફેઝ-૧ અંતર્ગત રૂા.૪૩૯૬ કરોડના કામોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મંજૂર કર્યા છે. જેને પગલે સમગ્ર કચ્છ જિલ્લામાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. નર્મદાના વધારાના પાણીનો પ્રશ્ન લાંબા સમયથી ચડેલો હતો. નર્મદાના પૂરના વહી જતા વધારાના પાણી માટે કુલ્લ ૩૩૭.૯૮ કિલોમીટર લંબાઈની પાઈપ લાઈન દ્વારા ૪ લિંકનું આયોજન કરાયું છે. આને લીધે હવે કચ્છમાં નર્મદાનો વ્યાપ વધશે. જેનાથી કચ્છના ગામડાઓને નર્મદા પાણીનો લાભ મળશે. પરિણામે મુંદરા, માંડવી, અંજાર, રાપર, ભુજ અને નખત્રાણા એમ છ તાલુકાના ૭૭ ગામોને સિંચાઈ સુવિધા મળતી થશે.

● માંડવી તાલુકાના કાઠડા ગામના ૬૫ વર્ષના વૃધ્ધ જેઓ રોજ ૭ થી ૮ મોટા નાળિયેરના ઝાડ ચડી રોજના એકસો થી વધુ નાળિયેર ઉતારી આવે છે જેનું મૂળ યોગ અને કસરત છે. દેવરાજ કાનુડા ગઢવી-કાનાણી પંદર વર્ષની ઉંમરથી વ્યાયામ સાથે જોડાયેલ છે જેથી પાંચ દાયકાથી આ કાર્ય અવિરત શરૂ છે. આ કાર્યમાં હવે તો તેમને એટલી કુશળતા પ્રાપ્ત થઈ છે કે ૫૦ થી ૬૦ ફૂટના નાળિયેરના ઝાડ ઉપર વગર ટેકે ચડીને નાળિયેરનો ફાલ ઉતારી આવે છે. વયને કારણે પરિવારવાળા હવે નિવૃત્તી માટે કહી રહ્યાં છે. પણ પછી તેમનો સમય કેમ વીતે એ માટે તેઓ આ બાબતે સંમત થતા નથી. આમ તેમનું કામ અવિરત જારી છે.

● ટેલેટિલા ફાઉન્ડેશન હિસાર દ્વારા આયોજિત ઓનલાઈન ઈન્ટરનેશનલ આર્ટ એક્ઝિબિશન એન્ડ કોમ્પીટીશનમાં માંડવીના ચિત્ર અંગત કલા સાધક રફીક ઈસ્માઈલ મીરે પેઈન્ટિંગ વિભાગમાં પ્રથમ પાંચ પ્રતિભાઓમાં સ્થાન અંકિત કર્યું હતું. ૧૮ દિવસીય આયોજનમાં ભારત સહિત ૧૧ દેશોમાંથી ૨૫૦ કરતાં વધારે કલાકારોએ ઉત્સાહ બતાવ્યો હતો. પાંચ ધોરણ સુધી ભણેલા રફીક મીરે શાળાની ભીંતો ઉપર કોલસા વડે અક્ષરો મરોડ આપવાની સાથે ચિત્રો ઉપસાવતાં હાથ અજમાવી કલા સાધનામાં પગરણ પાડ્યા હતા.

● મોરચબાણથી દેવભૂમિ બદ્રિનાથની કઠિન પદયાત્રાનો પ્રારંભ કરતા કચ્છી આશ્રમ હરિદ્વારના સંત પૂ.હરિદાસજી મહારાજએ ભક્તોને સંબોધતા જણાવ્યું હતું કે તપ વગર સૃષ્ટિનું નિર્માણ થતું નથી. ૧૮૦૦ કિમીની યાત્રા સંપન્ન કરતાં પાંચ મહિનાથી વધુ સમય લાગશે. મહારાજ સાથે કનૈયાલાલ ભાનુશાલી, કૌશિક જગન્નાથ જોષી, જિજ્ઞેશ ટાંક ૯૪ વર્ષના હરિદ્વારના સંત સ્વર શાસ્ત્રી છેક સુધી જોડાવાના છે. અનોખી પગપાળા યાત્રાના ફળ સ્વરૂપે તેમણે કચ્છની પાંચ પાંજરાપોળને ગૌ સેવા અર્થે રૂા.૫.૧૭ લાખનું દાન આપ્યું હતું.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

DON'T
# Compromise!




Portability Benefits Available



**COMPARE, SCRUTINIZE & DECIDE**

**Karani**

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

## insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA